# મહિયલની શેઠ જે બી ઉપાધ્યાય હાઈસ્કૂલમાં નવ નિયુક્ત આચાર્યનો સન્માન કાર્યક્રમ યોજાયો



તલોદ, તા. ૧૩

શેઠ જે બી ઉપાધ્યાય હાઈસ્કૂલ મહિયલ ખાતે નવનિયુક્ત આચાર્ય ડૉ નીલેશભાઈ મહેતાનો સન્માન કાર્યક્રમમાં સંસ્થાનાં પ્રમૂખ હીતેન્દ્રભાઈ ઉપાધ્યાય તેમજ સંસ્થાનાં ટ્રસ્ટી દિનકરભાઈ ઉપાધ્યાય, અજીતભાઈ પટેલ (સહમંત્રી ગુ.રા.ઉ.માં શિ.સંઘ ), કમલેશભાઈ પટેલ, અશોકભાઈ પટેલે ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ એ પણ નવા આચાર્યશ્રી નુ સન્માન કરી શુભેચ્છાઓ આપી ઉત્સાહભેર નવા આચાર્યને આવકાર્યા હતા. નવ નિયુકત આચાર્યશ્રી ડૉ નીલેશભાઈ મહેતા દ્વારા વૃક્ષારોપણ કરી આચાર્ય તરીકે કો પદભાર સંભાળ્યો હતો . સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશિષભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ૮૩ ટકા ભરતી સાથે ઉત્તર ગુજરાતમાં નંબર-૧

# અરવલ્લી જિલ્લાની શાળાઓને ૬૨ નવા આચાર્ય મળ્યા : માલપુર હાઈસ્કૂલે ભરતીનો ઈન્કાર કરતાં પગલાંની સંભાવના



બાયડ, તા.૧૩

અરવલ્લી જિલ્લાની અનુદાન મેળવતી ૭૪ શાળાઓમાં આચાર્યની ભરતીની પ્રક્રીયા શાંતિપૂર્વક સંપન્ન થઈ છે. ૬૨ નવા આચાર્ય મળ્યા છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લો ૮૩ ટકા ભરતી સાથે નંબર-૧ સ્થાને રહ્યો છે. જ્યારે માલપુરની પી.જી.મહેતા હાઈસ્કુલના સંચાલક મંડળે ભરતીનો ઈકાર કરતાં કમિશ્નર શાળાઓની કચેરીને જાણ કરવામાં આવી છે જેથી ઉચ્ચ કક્ષાએથી મળેલા આદેશો અનુસાર પગલાં લેવાય તેવી સંભાવના છે.

છેલ્લા ૬ વર્ષથી રાજ્યની અનેક શાળાઓમાં આચાર્યોની જગ્યા ખાલી હતી. સંચાલક મંડળોએ પણ આચાર્યની ખાલી જગ્યાઓ ઝડપથી ભરાય અને સંચાલક મંડળ ફાળવેલા ઉમેદવારોમાંથી પસંદગીનો ઉમેદવાર પસંદ કરી શકે તે માટે ગુણાંકનની સત્તા આપવામાં આવતાં ભરતીનો માર્ગ સરળ બની ગયો હતો. ગત તા.૨૮ જુલાઈથી અરવલ્લી જિલ્લાના મોડાસા, ભિલોડા, ધનસુરા, બાયડ, માલપુર અને મેઘરજ તાલુકાની અનુદાન મેળવતી શાળાઓમાં ૭૪ આચાર્યોની ખાલી જગ્યા માટે ભરતી પ્રક્રીયા જિલ્લા શિક્ષણાધિકારી અર્ચનાબેન એમ. ચૌધરીની ઉપસ્થિતિમાં મેઘરજની મોડેલ સ્કુલમાં ગત રોજ શાંતિપૂર્વક સંપન્ન થઈ છે અને તેમાં ૧૨ શાળાઓને ઉમેદવાર ન મળતાં આચાર્યની જગ્યા ખાલી રહી છે. પરંતુ ૬૨ શાળાઓને આચાર્ય મળતાં સ્થળ ઉપર જિલ્લા શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં નિમણૂંક હુકમો આપી દેવામાં આવ્યા છે. મોટાભાગના પસંદ થયેલા આચાર્યો શાળામાં હાજર થઈ જતાં અનેક શાળાઓમાં આવનારા દિવસોમાં શૈક્ષિણક અને વહીવટી કામગીરી વધુ સરળ થઈ જવાની સંભાવના છે.

**ભરતી પ્રક્રીયા સંપન્ન થઈ – જિલ્લા શિક્ષણાધિકારી**

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી અર્ચનાબેન ચૌધરીએ જણાવ્યું કે જિલ્લાની ૭૪ પૈકી ૬૨ શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રીયા શાંતિપૂર્વક સંપન્ન થઈ છે. જે શાળાઓના ઈન્ટરવ્યું દરમ્યાન ઉમેદવારો હાજર નથી રહ્યા તે અંગે પણ કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગરને વિગતવાર અહેવાલ મોકલી આપવામાં આવ્યો છે.

**ખાલી રહેલી જગ્યાઓ જલ્દીથી ભરવા સંચાલક મંડળની રજૂઆત**

રાજ્યની અનુદાન મેળવતી શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રીયા ચાલી રહી છે ત્યારે અનેક શાળાઓમાં ઉમેદવારો ન મળતાં તો કેટલાક કિસ્સાઓમાં નિમણૂંક આપ્યા છતાં ઉમેદવાર હાજર થયા ન હોય તેવી શાળાઓમાં ખાલી રહેલી આચાર્યની જગ્યાઓ સત્વરે ભરવા માટે રાજ્ય શાળા સંચાલક મંડળે શિક્ષણ મંત્રી તેમજ કમિશ્નરને રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

# પાલનપુરમાં નગરપાલિકા દ્વારા વિનામૂલ્યે ધ્વજનું વિતરણ કરાયું



પાલનપુર તા.૧૩

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં ૧૩૦૦૦ ધ્વજનું વિતરણ વિનામૂલ્ય કરવામાં આવશે. જેથી તમામ નગરસેવકોને ધ્વજની ફાળવણી કરવામાં આવી હતી. ૧૫ મી ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' લગાવાય તે માટે ભારત સરકાર દ્વારા તમામ નગરપાલિકાઓને ધ્વજનુ વિતરણ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે પાલનપુર નગરપાલિકાને ૧૩૦૦૦ રાષ્ટ્રધ્વજની ફાળવણી કરવામાં આવી હતી. જેથી પાલનપુર નગરપાલિકા દ્વારા તમામ નગરસેવકોને તેમજ કર્મચારીઓને વિના મૂલ્યે એક નગરસેવક દીઠ ૫૦ ઉપરાંત ધ્વજો આપવામાં આવ્યા હતા. તે ધ્વજ નગર સેવકો દ્વારા પોતાના વિસ્તારમાં વિના મૂલ્યે વિતરણ કરી 'હર ઘર તિરંગા ઘર ઘર તિરંગા ' લહેરાય તેવા પ્રયાસો કરવામાં આવશે.

# પાલનપુર વિજય હનુમાન સંન્યાસ આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથા

પાલનપુર તા.૧૩

પાલનપુર રામલીલા મેદાન ખાતે આવેલ શ્રી વિજય હનુમાન સન્યાસ આશ્રમ ખાતે અનંત વિભૂષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી કલ્યાણાનંદ ગીરીજી મહારાજના આશીર્વચનથી તા. ૯ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં વક્તા ડો.મધુસુદન શાસ્ત્રી દ્વારા સમય બપોરે ૨ થી સાંજે ૬ કલાક સુધી ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. જેનું સમગ્ર આયોજન શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમના મહંત રામેશ્વરાનંદગીરીજી મહારાજ દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું પણ મહંત રામેશ્વર બાપુ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તનુ મોટર્સ પાલનપુરના દિલસુખભાઈ અગ્રવાલ સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તો હાજર રહ્યા હતા. આ કથામાં પોથીયાત્રા, શુકદેવજી પ્રાગટ્ય, કપિલદેવ જન્મ, રામજન્મ, કૃષ્ણ જન્મ સહીતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.





તલોદના હરસોલ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ ગામે તાલુકા વિકાસ અધિકારીની સૂચના મુજબ અમૃત સરોવરે દેશ જવાનો માટે સિલા ફલકમનું અનાવરણ, અમૃત સરોવરે અમૃતવાટિકામાં ૭૫ વૃક્ષો વાવી, પ્રતિજ્ઞા લઈને અમૃત માટીથી કળશ ભરી, ધ્વજવંદન કરીને નિવૃત જવાનોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું. જે કાર્યક્રમમાં તલોદ તાલુકા સદસ્ય દિનેશભાઈ પટેલ, સરપંચ મુમતાજબીબી તલાટી કમ મંત્રી પ્રવીણકુમાર ઓડ ડે. સરપંચ હરેશભાઈ પટેલ, હરસોલ ગ્રામ પંચાયત સદસ્ય તથા હરસોલ ગામના ગ્રામજનોએ હાજરી આપી જેમાં મનોજસિંહ ચૌહાણ નું સન્માન કરવામાં આવ્યું.

### સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચા દ્વારા

# તલોદમાં 'મેરી મિટ્ટી મેરા દેશ' તથા 'નેશનલ હેન્ડલુમ'ના ભાગરૂપે ફેશન શૉ કાર્યક્રમ યોજાયો








તલોદ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચા દ્વારા તલોદ / વિધાનસભા માં મેરી મિટ્ટી મેરા દેશ તથા નેશનલ હેન્ડલુમ ના ભાગરૂપે ફેશન શો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું તેમાં સુંદર કાર્યક્રમમાં કોલેજ ની બેનો ને જોડી ધ્વજ સાથે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું.આ કાર્યક્રમનું આયોજન જિલ્લા સહ સંયોજક અને મહિલા બાળ વિકાસના ચેરમેન રેખાબા ઝાલા અને તલોદ શહેર મહિલા મોરચા પ્રમુખ રચનાબેન ગાંધી દ્વારા કરવામાં આવેલ હતો આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલ, જિલ્લા મંત્રી અને સહ પ્રભારી કપિલાબેન ખાંટ, જિલ્લા મહામંત્રી કાજલબેન દોશી, લીલાબેન વ્યાસ જિલ્લા સંયોજક અનસુયાબેન ગામેતી , તલોદ તાલુકા ના પ્રમુખ કલ્પેશભાઈ પટેલ, મહામંત્રીવી.ડી ઝાલા, તલોદ શહેરના મહામંત્રી નરેન્દ્રસિંહ, નગરપાલિકાના પ્રમુખ પ્રકાશ સિંહ,ઉપપ્રમુખ અતુલભાઈ, દરેક મોરચા માં થી પ્રમુખ અને મહામંત્રી ઓ ,તલોદ શ્રીમતી એસ.એમ.પંચાલ કૉલેજનાં આચાર્ય ડૉ.વિજયભાઈ બારોટ તથા સ્ટાફ શિક્ષક હાજર હતા.

# બાયડ ગામમાં જવાના રોડ ઉપર જોખમી લીમડો મોટી દુર્ઘટના સર્જે તેવો ભય



બાયડ, તા.૧૩

બાયડ ગામમાં જવાના રોડ ઉપર જોખમી લીમડો નમી ગયા પછી દિવાલ જોખમી બની ગઈ છે. જેથી ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાય તેવી સંભાવના છે. નવી નગરપાલિકા કાર્યરત થયા પછી જૂની નગરપાલિકાનું જતન કરવામાં વહીવટદારો સહિતનું તંત્ર ઉદાસ હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર અનેક વિસ્તારોમાં કોઈને કોઈ દુર્ઘટનાઓ બનતી હોય છે અને ક્યારેક દુર્ઘટના કરુણાંતિકામાં ફેરવાઈ જાય છે પરંતુ તંત્ર પ્રથમથી જો સાવધાની રાખે તો દુર્ઘટનાઓને નિવારી શકાય છે. બાયડ ની નગરપાલિકા સામે સરકારી પ્રા.શાળા અને બાજુમાં અર્બન હેલ્થ સેન્ટર આવેલું છે જેથી બાળકો સહિત દર્દીઓ અને સગાઓની મોટાપાયે અવર જવર રહેતી હોય છે તેની નજીકમાં આવેલ બાયડ નગરપાલિકાની જૂની કચેરી આગળનો લીમડો જોખમી બનીને રોડ સાઈડે નમી જતાં દિવાલ વધુ જોખમી બની ગઈ છે અને વરસતા વરસાદમાં ગમે તે હાદસો બનવાની સંભાવના છે. દરરોજ બાયડ ગામમાંથી આવન જાવન કરતા લોકોએ પણ પાલિકાનું ધ્યાન દોરવા છતાં ગંભીરતા દાખવી નથી. જેથી લાગે છે કે દુર્ઘટના બન્યા પછી જ તંત્ર જાગશે.

# પ્રાંતિજ હાઈવેના અન્ડરપાસ રસ્તાની દુર્દશા છતાં હાઈવે ઓથોરિટીનુ નિંભરતંત્ર નિદ્રાધિન?

પ્રાંતિજ તા ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસેથી પસાર થતો નેશનલ હાઈવે -૮ સિકસલેન બન્યો છે જો કે, ખાટલે મોટી ખોડ એ રહી કે મંથરગતિએ બ્રિજના કામો ચાલ્યા અને હવે એ ઓવરબ્રિજ નીચેનાં અન્ડરપાસમાથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. પ્રાંતિજના કમાલપુર -ટુડોર પાસે મહુડી -મહેસાણા તરફનો માર્ગ ક્રોસ થાય છે ત્યા હાઈવે ઓથોરિટીએ ઓવરબ્રિજ બનાવ્યો છે તેની નીચે બે નાના અને એક મોટો અન્ડરપાસ બનાવ્યો છે તે ત્રણેય અન્ડરપાસ નીચે નથી દેખાતો ડામર રોડ કે સી સી બ્લોક ! જેનાં કારણે ત્યાંથી પસાર થવું ઊંટ સવારી સમાન સાબિત થાય છે જો કે, હાલ ચોમાસાને લઈ મોટા વાહન માટેના અન્ડરપાસમા પાણીના તળાવડા ભરાય છે જયાથી ટુ વ્હીલરને તો પસાર થવું પણ ભારે મુશ્કેલ બને છે તેમાયે સામેથી કોઈ મોટું કે ભારે વાહન આવી જાય તો સ્કુટર કે બાઈક ચાલકના તો જીવ પડિકે બંધાઈ જાય છે ! કમાલપુર પાસેના આ ઓવરબ્રિજ નીચે પાકો ડામર રોડ બનાવવામાં બનાવવામાં આવ્યો નથી માત્ર કપચી પાથરી દીધી હોય તેમ જણાય છે તો સત્વરે અહીં મોટરેબલ સડક બનાવવામાં આવે નહીં તો જીવલેણ અકસ્માત સર્જાય એમ છે તો વળી તેના થોડાં થોડા અંતરે બે નાના અન્ડરપાસ બનાવવામાં આવ્યાં છે ખેડુતો, રાહદારીઓ તથા નાનાં વાહનો માટેના આ અન્ડરપાસ પ્રત્યે હાઈવે ઓથોરિટી કે કોન્ટ્રાકટરે જાણે ધ્યાન જ નથી આપ્યું ? સર્વિસ રોડની સપાટીથી એક -દોઢ ફૂટ નીચી સપાટી છે જેના કારણે હાલ ચોમાસાના પ્રારંભ સાથે છેલ્લા બે મહિનાથી તેમાં પાણી જ ભરાયેલું છે પ્રજાએ જીવના જોખમે રસ્તા પરથી હાઈવે ઓળંગવો પડે છે ત્યારે તે અન્ડરપાસમાંથી તાકીદે પાણી કાઢી બંને બાજુનાં રોડ લેવલે બ્લોક નાખવામાં આવે કે, પાકો રોડ બનાવવામાં આવે તો રાહદારીઓ કે ટુ વ્હીલર અહીંથી સલામત અને સરળતાથી હાઈવે ઓળંગી શકે અધુરામાં પુરું કોલેજ પાસેનો રોડ ડિવાઈડરનો કટ બંધ કર્યો હોઈ ઓવરબ્રિજ નીચેથી અવરજવર વધી જવા પામી છે તો હાઈવે ઓથોરિટીના જવાબદાર અધિકારીઓ સત્વરે પ્રજાજનોની આ સમસ્યાનું નિવારણ કરે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.





### આંતરરષ્ટ્રીય જાડા અનાજ વર્ષ (મિલેટ્સ) અંતર્ગત

# બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે વાનગી સ્પર્ધા કાર્યક્રમ યોજાયો

પાલનપુર તા.૧૩

બનાસકાંઠા જિલ્લામાં ગાયત્રી હાઈસ્કુલ થરાદ ખાતે વર્ષ ૨૦૨૩ને UN દ્વારા મિલેટ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે તે સંદર્ભે કાર્યક્રમ યોજાયો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જીલ્લા ઉપપ્રમુખ રૂપસિંભાઈ પટેલ, બનાસ બેંક ડિરેક્ટર શૈલેષભાઈ પટેલ, દાનાભાઈ માળી, ઓમજી બા તાલુકાના અને શહેરના મહામંત્રીઓ મહિલા મોર્ચાના ટિમ સહિત કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.આ અંગે પૂરક વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના સંવાદદાતા રાજેશ જોષી નો અહેવાલ જણાવે છે કે, કાર્યક્રમ ના દાતા જગદીશભાઈ સોની તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.અને કાર્યક્રમ અંતે પ્રદેશ કોષાધ્યક્ષ પુષ્પાબહેન ઠાકોર, જિલ્લા મહિલા મોરચા પ્રમુખ ભીખીબેન વોરા, ઉપપ્રમુખ કોકીલાબેન પ્રજાપતિ અને જીલ્લા મંત્રી મણીબેન પટેલ, જિલ્લા મંત્રી કલાવતીબેન તેમજ તમામ જિલ્લા મહિલા મોરચાની બહેનો દ્વારા જગદીશભાઈ સોનીનું સાલથી સ્વાગત કર્યું હતું.